અપીલ અરજી નં.૨૩ તા.૨૮–૪–૦૮

અરજદાર: શ્રી ભગવાનદાસ છતુમલ હેમરાજાની
સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમ:–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગવાનદાસ છતુમલ હેમરાજાનીની આઈ ડીનં.૯૮૧ તા.૨૩–૩–૦૮ની અરજીથી ૧/૧૩૦૮, અરવિંદ નિવાસ ના પહેલો માળ ટેના નં.૦૧બી–૦૭–૦૦૦૧–૦–૦૦૯ તેમજ બીજો માળ ટેના નં. ૦૧ બી–૦૭–૦૦૦૧–૦–૦૧૧ બંને જગ્યાએ નામ પ્લેટ હોવા છતાં બંધ કબજો બતાવવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૮–૪–'૦૮ ની અપીલ અરજી નં.૨૩/૨૦૦૮–૦૯

શ્રી ભગવાનદાસ છતુમલ હેમરાજાનીની તા.૨૩–૩–૦૮ની અરજીથી ૧/૧૩૦૮, અરવિંદ નિવાસ ના પહેલો માળ ટેના નં.૦૧બી–૦૭–૦૦૦૧–૦–૦૦૯ તેમજ બીજો માળ ટેના નં.૦૧ બી–૦૭–૦૦૦૧–૦–૦૧૧ બંને જગ્યાએ નામ પ્લેટ હોવા છતાં બંધ કબજો બતાવવા બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન અને આસી.કમિશ્નર ધ્વારા પત્ર નં. એ.આર.ડી/૯૧ તા.૩૧–૩–૦૮ થી જણાવેલ માહિતી અંગે અરજદારે માહિતી મોટે ભાગે ખોટી, ગેરમાર્ગે દોરનાર હોય એમ જણાવી એપેલેટ ઓફિસરને તા.૨૮–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતી પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૮૪ તા.૧–૫–૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને આજદિન સુધી કોઈ પૂરક વિગતો કે પ્રત્યુત્તર મળેલ નથી કે આપેલ માહિતી યથાર્થ હોવાનું જણાવતું નિવેદન મળેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૩–૦૮ની માહિતી માંગતી અરજીમાં કરેલ રજુઆત બાબતે સ્થળ સ્થિતિ તથા રેકર્ડ આધારિત હકીકતલક્ષી પૂરી માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન ..... જાણ માટે
(૨) શ્રી ભગવાનદાસ છતુમલ હેમરાજાની